

# અન કાર્સન: અંગત જીવનની વેદના અને પ્રાચીન સાહિત્યની આધુનિક સંવેદનાને સાંકળતી સર્જનયાત્રા

ફાયરવોલ
રાજ ગોસ્વામી

કેનેડાની કવયિત્રી, નિબંધકાર, અનુવાદક અને પ્રાચીન ગ્રીક સાહિત્યનાં વિદુષી ઍન કાર્સનનું આ વર્ષના નોબેલ પારિતોષિકથી સન્માન કરવામાં આવ્યું છે. 76 વર્ષીય કાર્સન 8 ઑક્ટોબરે આઈસલૅન્ડના રેક્યાવિકમાં આર્કટિક સર્કલ સામે આવેલા પોતાના સમુદ્રતટીય ઘરમાં ચા-નાસ્તા સાથે પુસ્તક વાંચી રહ્યાં હતાં ત્યારે તેમને નોબેલ કમિટીનો ફોન આવ્યો હતો.

પાછળથી કાર્સને કહ્યું હતું, 'ઘરમાં કચરો કાઢવાની જરૂર હતી. હું ઝાડૂ લગાવવા ઊઠી ત્યારે જ ફોન આવ્યો હતો. મારે કામ હતું એટલે મેં ફોન બંધ કરી દીધો, તો સતત ઘંટડી વાગતી રહી.' આખરે તેમના પતિએ તેમને વળતો ફોન કરવા મનાવ્યાં અને તેમનું નામ વિશ્વસાહિત્યમાં સામેલ થઈ ગયું.

કાર્સનને અંદાજ પણ નહોતો કે તેમને આ પારિતોષિક મળશે. સમાચાર ફેલાયા પછી તો અભિનંદનનો વરસાદ શરૂ થઈ ગયો. 'અમે તો જંગલમાં ટહેલવા જતા રહ્યાં હતાં,' તેમણે કહ્યું હતું, 'જેથી વારંવાર ફોન ઉપાડવા ન પડે.'

વ્યવસાયે શિક્ષક કાર્સન પોતાની લેખનકારકિર્દીને આકસ્મિક ગણાવે છે, કારણ કે તેમને કંઈક અલગ કરવું હતું. 1950માં ટોરોન્ટોમાં જન્મેલાં કાર્સનને શાળાના સમયનો એક પ્રસંગ પ્રાચીન ભાષાઓ અને સાહિત્ય તરફ દોરી ગયો હતો.

લૅટિન ભાષાના એક શિક્ષકે તેમને બપોરની રિસેસ દરમિયાન પ્રાચીન ગ્રીક શીખવવાની તૈયારી બતાવી. આ શરૂઆત ધીમે ધીમે એક ઊંડા બૌદ્ધિક આકર્ષણમાં ફેરવાઈ. યુનિવર્સિટી ઑફ ટોરોન્ટોમાં તેમણે ક્લાસિક્સનો અભ્યાસ કર્યો. અભ્યાસ દરમિયાન બે વાર વિરામ લીધા પછી તેમણે સ્નાતક, અનુસ્નાતક અને 1981માં પીએચ.ડી.ની પદવીઓ મેળવી. આગળ જતાં મૅકગિલ, પ્રિન્સ્ટન, એમોરી અને મિશિગન જેવી યુનિવર્સિટીઓમાં તેમણે અધ્યાપન કર્યું.

જોકે, કાર્સન માટે પ્રાચીન ગ્રીક સાહિત્ય માત્ર શૈક્ષણિક વિષય બનીને રહ્યું નહીં. તેમાં રહેલી કવિતાઓ, દાર્શનિક પ્રશ્નો અને માનવીય સંબંધોની ગૂંચવણો તેમના સર્જનનો આંતરિક આધાર બની ગયાં. તેમનું સર્જન એક એવી દુનિયામાં લઈ જાય છે, જ્યાં પ્રેમની સુંદરતાની સાથે તેની પીડા પણ છે, સ્મૃતિની હૂંફની સાથે વિયોગની ઠંડક પણ છે અને જ્ઞાનની ઊંડાઈની સાથે માનવીય અનુભવનું રહસ્ય પણ છે.

કાર્સનની વિશેષતા એ છે કે તેઓ પ્રાચીન ગ્રીક કાવ્યો અને દંતકથાઓને માત્ર ભૂતકાળના અવશેષ તરીકે જોવાને બદલે આજના માનવીય પ્રેમ, એકલતા, ઓળખ અને સંતાપને સમજવાનાં માધ્યમ બનાવે છે.

કાર્સનના અંગત જીવન વિશેની માહિતી પ્રમાણમાં મર્યાદિત છે. તેઓ પોતાની ખાનગી જિંદગીને જાહેર ચર્ચાનો વિષય બનાવવાનું ટાળે છે અને તેમની કૃતિઓને માત્ર આત્મકથાત્મક દૃષ્ટિકોણથી વાંચવાની વૃત્તિને પણ પ્રોત્સાહન આપતાં નથી. તેમ છતાં, તેમના જીવનના કેટલાક અનુભવો અને તેમના સાહિત્ય વચ્ચેના સંબંધો નોંધપાત્ર છે. ખાસ કરીને લગ્નજીવનનો અંત, પિતાના જીવનમાં આવેલા ફેરફારો, માતાનું મૃત્યુ અને લાંબા સમય સુધી જીવનથી વિખૂટા રહેલા ભાઈની સ્મૃતિના અનુભવો તેમના સર્જનમાં જુદાં જુદાં સ્વરૂપે પડઘાય છે.

**પ્રાચીન ગ્રીક કાવ્યો અને દંતકથાઓને માત્ર ભૂતકાળના અવશેષ તરીકે જોવાને બદલે આજના માનવીય પ્રેમ, એકલતા, ઓળખ અને સંતાપને સમજવાનાં માધ્યમ બનાવે છે**

આ સંબંધોને સમજતી વખતે એટલું ધ્યાન રાખવું જરૂરી છે કે તેમની કૃતિઓ અંગત જીવનની સીધી ડાયરી નથી; વ્યક્તિગત અનુભવને તેઓ સાહિત્ય, દંતકથા, અનુવાદ અને કલ્પનાના માધ્યમથી નવેસરથી ઘડે છે.

1986માં પ્રકાશિત થયેલી તેમની કૃતિ 'ઈરોઝ ધ બિટરસ્વીટ'એ કાર્સનની આગવી સર્જનદૃષ્ટિનો પરિચય કરાવ્યો. આ પુસ્તકમાં તેઓ પ્રાચીન ગ્રીક કવિતાના આધારે પ્રેમ અને ઝંખનાના સ્વરૂપની તપાસ કરે છે. પ્રેમમાં આપણે કોઈ વ્યક્તિ તરફ ખેંચાઈએ છીએ, પરંતુ તેની સાથે એક અંતર પણ અનુભવી શકીએ છીએ. સામેની વ્યક્તિને પામવાની ઇચ્છા અને તેને સંપૂર્ણપણે પામી ન શકવાની સ્થિતિ પ્રેમને એકસાથે મીઠો અને કડવો બનાવે છે.

તેમના અંગત જીવન સાથે વધુ સીધો સંબંધ ધરાવતી કૃતિ 'ધ બ્યુટી ઑફ ધ હસબન્ડ' છે. આ રચનામાં લગ્નજીવન, આકર્ષણ, બેવફાઈ અને મોહભંગની વાત છે. કાર્સનનાં પ્રથમ લગ્ન 1980માં સમાપ્ત થયાં હતાં. તેમની કૃતિ અને અંગત અનુભવ વચ્ચેનો એક નોંધપાત્ર સંબંધ એ છે કે છૂટાછેડા પછી તેમના ભૂતપૂર્વ પતિ તેમની કેટલીક નોટબુક પોતાની સાથે લઈ ગયા હતા અને પછીથી પાછી આપી હતી. આ પ્રસંગ અને કૃતિમાં જોવા મળતાં સંબંધવિચ્છેદનાં તત્ત્વો વચ્ચે સમાનતા નોંધવામાં આવી છે.

અહીં પ્રેમ અને લગ્નજીવનને એક સરળ નૈતિક કથા તરીકે જોવામાં આવ્યાં નથી. કોઈ વ્યક્તિ આપણને દુઃખ પહોંચાડે, આપણી સાથે બેવફાઈ કરે, છતાં તેની સાથે વિતાવેલી સુંદર ક્ષણો આપણી સ્મૃતિમાં જીવંત રહી શકે છે. સંબંધ તૂટી જાય પછી પણ તેની અંદર અનુભવેલો પ્રેમ સાવ ખોટો હતો એવું કહી શકાતું નથી. કાર્સન આ જ વિરોધાભાસને પોતાની રચનાના કેન્દ્રમાં રાખે છે.

કાર્સનની સર્જનયાત્રામાં સૌથી હૃદયસ્પર્શી પડાવ તેમના ભાઈ માઇકલની સ્મૃતિ સાથે જોડાયેલો છે. 1979ની આસપાસ તેમનો ભાઈ કાયદાકીય મુશ્કેલીઓને કારણે કેનેડા છોડીને ચાલ્યો ગયો હતો. ત્યાર પછી બંને ભાઈ-બહેન લાંબા સમય સુધી એકબીજાથી વિખૂટાં રહ્યાં. માઇકલ યુરોપ અને એશિયામાં ફરતો રહ્યો અને પરિવાર સાથે તેનો સંપર્ક છૂટોછવાયો રહ્યો. વર્ષ 2000માં તેણે અચાનક કાર્સનને ફોન કર્યો. બંનેએ કોપનહેગનમાં મળવાનું નક્કી કર્યું, પરંતુ કાર્સન તેની મુલાકાતે જવા નીકળે તે પહેલાં જ તેના મૃત્યુના સમાચાર મળ્યા. લાંબા સમય પછી ફરી મળવાની આશા જાગી હતી, પરંતુ એ મુલાકાત શક્ય બની નહીં. આ અનુભવમાંથી જન્મેલી 'નોક્સ' (2010) કાર્સનની સૌથી અંગત અને પ્રયોગશીલ કૃતિઓમાંની એક છે. લૅટિન ભાષામાં 'નોક્સ'નો અર્થ રાત્રિ થાય છે. આ પુસ્તક પરંપરાગત સ્મરણગ્રંથ નથી. તેમાં જૂની તસવીરો, પત્રો, દસ્તાવેજો, હાથથી લખેલી નોંધો અને રોમન કવિ કેટુલસની પોતાના મૃત ભાઈ માટે લખેલી કવિતાના અનુવાદને એકસાથે ગૂંથવામાં આવ્યાં છે.

કાર્સનના પિતા અલ્ઝાઇમર રોગને કારણે માનસિક અને શારીરિક તકલીફોમાંથી પસાર થયા હતા. તેમના પિતાની આ સ્થિતિ અને માતાના મૃત્યુની સ્મૃતિઓ પણ તેમની કેટલીક રચનાઓમાં જોવા મળે છે. કાર્સનની સર્જનયાત્રાને સમજવા માટે તેમના અંગત જીવન અને સાહિત્યને એકબીજાથી સંપૂર્ણપણે અલગ રાખી શકાય નહીં, પરંતુ બંનેને એકરૂપ પણ ગણી શકાય નહીં.

તેમના જીવનના અનુભવો તેમને પ્રેમ, વિયોગ, સ્મૃતિ અને ઓળખ વિશે વિચારવા માટે સામગ્રી પૂરી પાડે છે; પ્રાચીન ગ્રીક સાહિત્ય તેમને આ અનુભવોને સમજવાની બૌદ્ધિક દૃષ્ટિ આપે છે; અને તેમની પ્રયોગશીલ સર્જનશૈલી આ બંનેને નવા સાહિત્યિક સ્વરૂપોમાં વ્યક્ત કરે છે. તેમની કૃતિઓમાં અંગત વેદના માત્ર અંગત રહેતી નથી, પરંતુ માનવીય અનુભવના વ્યાપક પ્રશ્નોમાં પરિવર્તિત થાય છે.

નોબેલ પુરસ્કાર આ અનોખી સર્જનદૃષ્ટિનું આંતરરાષ્ટ્રીય સન્માન છે. કાર્સનની મહત્તા એમાં છે કે તેઓ વાચકને તૈયાર જવાબો આપતાં નથી. તેઓ આપણને એવી જગ્યાએ લઈ જાય છે, જ્યાં પ્રેમ અને પીડા, સ્મૃતિ અને વિસ્મૃતિ, જ્ઞાન અને અજ્ઞાન એકબીજાની સાથે રહે છે. તેમની સર્જનયાત્રા આપણને સમજાવે છે કે સાહિત્યનું કામ જીવનને સરળ બનાવી દેવાનું નથી; ક્યારેક તેનું સૌથી મોટું કામ જીવનની જટિલતાને એટલી પ્રામાણિકતાથી વ્યક્ત કરવાનું હોય છે કે આપણે પોતાના અનુભવોને નવેસરથી ઓળખી શકીએ.

# વોટચોરીના ગરબા

બોલ્યું-ચાલ્યું માફ
ઉર્વિશ કોઠારી

આઝાદીના આંદોલન વખતે નવરાત્રિ આવે ત્યારે ઘણી વાર કોઈ લડતને કે તેના નેતાને સાંકળી લઈને ગરબા રચાતા અને ગવાતા હતા. નવરાત્રિનું વ્યાવસાયીકરણ થયા પછી દર વર્ષે જૂના ગરબા ચાલે છે ને નવા આવે છે, પણ તેમાં આવી કોઈ વાત હોતી નથી. ધારો કે કોઈને જૂની પરંપરા આગળ વધારવાનું મન થાય અને હાલમાં ચાલી રહેલા વોટચોરી વિરુદ્ધના આંદોલનને નવરાત્રિના ગરબામાં સ્થાન મળે તો જૂના ગરબાનાં નવાં સ્વરૂપ કેવાં હોઈ શકે?

('ઈંધણાં વીણવા ગઈ'તી મોરી સૈયર'પરથી, કવિ રાજેન્દ્ર શાહની ક્ષમા સાથે)

વોટની ચોરી કરવા ગઈ'તી સૈયર
વોટની ચોરી કરવા ગઈ'તી લોલ
વેળા ચૂંટણીની થઈ'તી મોરી સૈયર,
વેળા ચૂંટણીની થઈ'તી રે લોલ
ટેકાનું આભ ઠીક સુનું સુનું તોય
કંઈથી કમળમાં મત પડે રે લોલ
ગરબડ ને ગોટાળા નવલા તે કુંપળે
જ્ઞાનેશના વાયરે ડોલે રે લોલ
જેના ભરોસે ચોરી કરી સૈયર
તેની સંગાથે લાજ ગઈ'તી રે લોલ
કાપ્યા મેં કંઈક ને જોડ્યા ઘણા લીસ્ટમાં
જીવતા ને જાગતાને માર્યા રે લોલ
કેસરી તે પોદળામાં ગંધાતાં ફૂલ બે
ભક્તોના ગોખલે સોહ્યાં રે લોલ



**નવરાત્રિનું વ્યાવસાયીકરણ થયા પછી દર વર્ષે જૂના ગરબા ચાલે છે ને નવા આવે છે, પણ તેમાં આવી કોઈ વાત હોતી નથી**

નાલેશીના વહેણમાં ન'ઈતી મોરી સૈયર
નાલેશીના વહેણમાં ન'ઈતી રે લોલ

('મુંબઈથી ગાડી આવી રે...'પરથી)

દિલ્હીમાં ગાડી આવી રે, વોટચોરીવાળા
ઇ રે ગાડી શું કામ આવી રે, વોટચોરીવાળા
વોટચોરો પડકારવા આવી રે, વોટચોરીવાળા
ઇ ગાડીને ઉભી રાખો રે
(સીસોટી, લાઠી, પકડાપકડીના અવાજ)
ઇ રે ગાડી સીધે મારગ હાલી રે, વોટચોરીવાળા
ઇ ગાડી ના પાછી વળે, વોટચોરીવાળા
ઇ ગાડીમાં કોણ કોણ બેઠું રે,વોટચોરીવાળા
ઇ ગાડીમાં જુવાનિયાં બેઠાં રે, વોટચોરીવાળા
ઇ ગાડીમાં રીલો ઉતારો રે
ઇ ગાડીમાં સૂત્રો બોલાવો રે, વોટચોરીવાળા
વોટચોરો સૌ ભેળા થઈને બોલે, વોટચોરીવાળા
ઇ ગાડીને હાંકી કાઢો રે...

("પાવલી લઈને હું તો પાવાગઢ ગઈ'તી"પરથી)

માગણી લઈને હું તો દિલ્લી શે'ર ગઈ'તી
ગોદીવાળા, મને સમાચાર દે, મને સમાચાર દે,
નહીં તો તારી નોકરી પાછી દે.
માગણી લઈને હું તો દિલ્લી શે'ર ગઈ'તી
ચૂંટણીપંચવાળા, મને હિસાબ દે, હિસાબ દે.
નહીં તો તારી નોકરી પાછી દે.
માગણી લઈને હું તો દિલ્લી શે'ર ગઈ'તી
ભાઈ મોટા, તું મને પૂછવા તો દે, પૂછવા તો દે
નહીં તો તારી નોકરી પાછી દે.
માગણી લઈને હું તો દિલ્લી શે'ર ગઈ'તી
છપ્પનમોંઢાળા, મને જવાબ દે, જવાબ દે
નહીં તો તારી નોકરી પાછી દે.

('નાગર નંદજીના લાલ'પરથી, ભક્તકવિ નરસિંહ મહેતાની ક્ષમા સાથે)

પામર નંદુજીના લાલ
પામર નંદુજીના લાલ
મત કેરી યાદીમાંથી મતડા ખોવાણા
અઢળક મતડા ખોવાણા... પામર
જો તેં ઝૂંટવ્યા હોય તો આપ
ને જોડ્યા હોય તો કાપ
મત કેરી યાદી મહીં મતડા અટવાણા... પામર
મોટી મોટી યાદીઓ ને માંહી પડેલા ચીરા
મત મત કાપ મારા મોટાભાઈના વીરા ... પામર
ચોરી ઉપર શિરજોરી તું કરતાં ન શરમાય
ચોરેન્દ્રનો પોરસ તારા મુખ પર ઝોલાં ખાય...પામર
ચૂંટણીની કુંજગલીમાં મ્હાલે મોટા ચોર
મતોની યાદીમાં કળા કરી ગયો કયો મોર? ... પામર
સૌના મતો પાછા સ્થાપ, એમાં કરે શીદ વાર
ભગતોના સ્વામી ઉપર જાઉં બલિહાર ... પામર

(સનેડો)

સનેડો સનેડો લાલ લાલ સનેડો
હમજીને હાંભળજો લાલ લાલ સનેડો
હમજી હકાય તો હમજજો સનેડો
અલ્યા વોટ ચોરી, વોટ જોડી, ભાભો બજારમાં જાય
ને આડીઅવળી વાતું કરી
ચૂંટણીઓ ખાઈ જાય...
કળિયુગ આવ્યો અલ્યા કારમો, ને સહુ ભાભાથી ડરે
સહુ પાસે મંગાવે ઝાઝાં કાગળીયાં ને પોતે એકેય ન ધરે... લાલ સનેડો
મોટી ઉંમરે આસન મળ્યાં ને દહેજમાં આવ્યું પંચ
છાશવારે પંચને આગળ કરે, ને કરે કેવું મોટું પ્રપંચ ...લાલ સનેડો
ફુલફટાક પોતે ફરે દેશ ને વિદેશ માલામાલ
પણ ઘરની લોકશાહીને કરી કેવી ચીંથરેહાલ...લાલ સનેડો.

## ઈશિતાનું અલકમલક

### ઈમોજી... ઈમોજી, કરો તમે સરખો ન્યાયજી!

જેના પર નજર પડતાં જ તમારા હોઠ પર એક સ્મિત રમી જાય, ચહેરો મરક મરક થઈ જાય, સામેવાળી વ્યક્તિ શું કહેવા ઈચ્છે છે એ પળવારમાં તમારા સુધી પહોંચી જાય... જી, તમારી નજર સામે રમી જતું એ ચિત્રાત્મક પ્રતીક છે 'ઈમોજી' જે વાત વ્યકત કરતાં આપણને કાં તો શબ્દો સૂઝે નહીં અથવા તો ઢગલાબંધ શબ્દપ્રયોગ કરવા પડે એ જ વાત આ ઈમોજી સરળતાથી-સચોટથી પેશ કરી શકે છે. એક થમ્બસ અપ- ધબકતું હાર્ટ કે પછી મૂંજાયેલો પ્રશ્નાર્થરૂપ ફેસ કેટલા બધા શબ્દોનો નિરર્થક વ્યય બચાવે છે આવાં ઈમોજીનાં પ્રતીક.ઈમોજીના આગમન પછી આપણી મેસેજ - સંદેશા લેવા-દેવાની ભાષામાં જાણે ક્રાન્તિકારી ફેરફાર આવી ગયા છે. ખાસ કરીને સોશ્યલ મીડિયા નેટવર્કિંગ સાઈટ્સ અને એમાંય 'વોટ્સ એપ' જેવી મેસેજિંગ ચેટ એપ- સર્વિસને કારણે ઈમોજીના જબરજસ્ત ઉપયોગ સાથે એની લોકપ્રિયતા પણ પ્રચંડ વધી છે. છેલ્લામાં છેલ્લા આંકડા ટાંકીએ તો વિશ્વભરમાં રોજના ૧૦ અબજ ઈમોજીનું આદાનપ્રદાન થાય છે! આમાં 'થમ્બસ અપ' સૌથી વધુ વપરાતું ને ખાસ્સું લોકપ્રિય ઈમોજી છે. આ પણ કેવી વિધિની વક્રતા છે કે એક જમાનામાં અક્ષર જ્ઞાન ન ધરાવતાં ગામના લોકો કોઈ સરકારી દસ્તાવેજ પર પોતાની સંમતિ દર્શાવવા પોતાના અંગૂઠાની છાપ લગાડતા. આજે ભણેલો-ગણેલો માણસ પણ પોતાનો હકાર પુરાવવા 'થમ્બસ અપ 'નો ઈમોજી વાપરે છે! આવા આ 'થમ્બસ અપ' ઈમોજીએ થોડા સમય પહેલાં કેનેડાની કોર્ટમાં વાદ-વિવાદ અને વિખવાદ સર્જ્યો છે. વાત કંઈક આમ છે.\કેનેડાના એક ખેડૂતે એના ૮૦ મેટ્રિક ટન ઘઉં વેચવા માટે એક વેપારી સાથે વાત કરી. બન્ને વચ્ચે ભાવ-તાલ થયા અને પછી એક ચોક્કસ રકમમાં ઘઉંનો સોદો નક્કી થયો. એ મુજબ, ઘઉં ખરીદનાર વેપારીએ બન્ને વચ્ચે થયેલા કરારની કોપી ખેડૂતને ઈ-મેલ દ્વારા મોકલી. ખેડૂતે કરારની કોપી પર 'થમ્બસ અપ' ઈમોજી સાથે વેપારીને પરત મોકલી નિયત સમયે વેપારીએ નક્કી થયા મુજબ ૮૦ મેટ્રિક ટન ઘઉં મોકલી આપવા ખેડૂતને કહ્યું. કોઈ પણ કારણસર પેલો ખેડૂત માલ મોકલવા માટે આનાકાની કરવા લાગ્યો. કદાચ જે ભાવે સોદો થયો હશે એનાથી માર્કેટ ભાવ વધી ગયા હશે એટલે પેલો ખેડૂત કહે: ''આપણી વચ્ચે વાત થઈ એ ખરું પણ સત્તાવાર મેં કયા સંમતિ આપી છે? હવે મારો ઘઉંનો પાક તમને નથી વેચવો...!'' વેપારી કોર્ટે ચઢ્યો. એ કહે: ''ખેડૂતે એની સંમતિ સૂચક 'થમ્બસ અપ' ઈમોજી મને મોક્લીને કરાર મંજૂર રાખ્યો છે.'' સામે ખેડૂતના વકીલે કોર્ટમાં દલીલ કરી કે ''ઈમોજી દ્વારા મારા અસીલે એટલું જ કહ્યું કે 'તમારા કરારના દસ્તાવેજ મને મળી ગયા છે.' એ એની સંમતિ નથી. ધેટ્સ ઓલ!'' એ પછી બન્ને પક્ષના વકીલ વચ્ચે લાંબી-પહોળી દલીલો થઈ. નામદાર જજસાહેબે બન્નેને સાંભળ્યા.પછી આજના જમાનાનાં આવાં ઈમોજી જેવાં સાંકેતિક પ્રતીકોને સમજવા માટે- એનાં અર્થઘટન માટે ડિજિટલ ડિક્ષનરીઓ ફંફોળી. પછી એમણે પેલા વેપારીની તરફેણમાં અને ખેડૂત વિરુદ્ધ ચુકાદો આપતાં કહ્યું કે ''આજના ડિજિટલ યુગમાં 'થમ્બસ અપ' જેવાં ઈમોજી પ્રતીકો બધાંએ સાર્વજનિક રીતે સ્વીકારી લીધાં છે. આ હકીકત આપણે નકારી શકીએ તેમ નથી. ન્યાયની દ્રષ્ટિએ 'થમ્બસ અપ'ને 'હકાર ને સંમતિ'ની સંજ્ઞા ગણવી જોઈએ અને ખેડૂતે કરેલા કરારનું પાલન કરીને પેલા વેપારીને ઘઉં પહોંચાડવા જ જોઈએ!'' આમ 'ઈમોજી'ની ભાષા ઉકેલીને કેનેડાની કોર્ટે આપેલો આ વિશ્વનો સર્વપ્રથમ ચુકાદો છે!





### પત્નીની કચકચ... પતિ કારાવાસમાં!

આમ તો આ રમૂજી ટુચકો જૂનો અને જાણીતો છે ,પણ લોકપ્રિય પણ એવો જ છે- ખાસ કરીને સતત કચકચ કરતી ને પતિની પાછળ આદુ ખાઈને પડી રહેતી પત્નીની ખિલ્લી ઉડાડવા - મશ્કરી કરવા માટે આ જોક વપરાય છે. મજાકમાં કહેવાય છે કે સાહસિક સમુદ્રખેડુ વાસ્કો ડી ગામા, જેણે અકસ્માતે કલિકટ - ભારત શોધ્યું અને જે પોતાની નૌકાઓ લઈને ઈન્ડિયા શોધવા નીકલેલો કોલમ્બસ, અકસ્માતે અમેરિકા પહોંચી ગયો એ બન્ને કદાચ આવી ઐતિહાસિક શોધ ન કરી શક્યા હોત - જો એમને પણ કચકચ કરતી પત્ની મળી હોત તો એ પણ પેલા બે સમુદ્ર સાહસિકોને સતત પૂછ્યા કરતઃ "ક્યાં જાવ છો? સાથે કોણ છે? ઘેર પાછા ક્યારે આવશો?!'' કોલમ્બસ અને વાસ્કો ડી ગામાના નસીબ સારાં કે બન્નેની ધર્મપત્નીઓ એવી કચકચ કરનારી નહોતી. જો કે આવા નસીબદાર બધા નથી હોતા. મદુરાઈનો આ તાજો જ દાખલો સાંભળોઃ તાજેતરમાં અહીંના હાઈ-વે પર ત્રણ -ચાર લૂંટની ઘટના બની. આવતાં -જતાં વાહનોને આંતરીને લૂટારુઓની ટોળકી ચીલઝડપે લૂંટ ચલાવી અલોપ થઈ જતી. તામિલનાડુ પોલીસ આ લૂટારું ગેન્ગની શોધમાં હતી પણ ખાસ પગેરું મળતાં




નહોતાં. રાજ્યની પોલીસ ફોર્સે ગેન્ગને ઝડપી લેવા માટે બીજી રીતે તપાસ આદરી. જે હાઈ-વે વિસ્તારમાં આવી લૂંટ થઈ હતી ત્યાંના મોબાઈલ ટાવર્સના ફોન રેકોર્ડસ તપાસવાના શરૂ કર્યા. મોટાભાગના ફોન્સ તામિલનાડુમાં થયેલા લોકલ કોલ હતા. આ તપાસ દરમિયાન પોલીસની તીક્ષ્ણ નજરે એક વાત એ નોંધી કે એ બધા કોલ્સમાં એક સેલ નંબર એવો હતો કે જેના પર રોજના ચાર -પાંચ કોલ આવતા હતા અને એ બધા કોલ મધ્ય પ્રદેશના ઉજ્જૈન શહેરથી થયા હતા. એ સેલ નંબરની ભાળ કાઢવા મધ્ય પ્રદેશની પોલીસને કહેવામાં આવ્યું. એમ.પી. પોલીસે શોધ્યું કે એ સેલ નંબર એક મુસ્લિમ મહિલાના નામે હતો. એને ઘરે પહોંચીને એની તપાસ કરી તો જાણવા મળ્યું કે એણે જે નંબર પર ફોન કર્યા હતા એ એના ખાવિંદનો હતો, જે ધંધાર્થે બહારગામ ગયો હતો. ''એકાદ દિવસમાં પાછો આવી જઈશ'' એવું કહીને ગયેલો એનો ખાવિંદ ત્રણ - ચાર દિવસ સુધી ઘરે પરત ન આવ્યો એટલે એની બીબી એને રોજના ચાર - પાંચ ફોન કરીને પૂછતી હતી કે ''આજ-કાલમાં પાછો આવી જઈશ એમ કહીને ગયા હતા તો કયાં છો? હજુ કેમ પાછા ઘેર નથી આવ્યા? હવે કયારે આવશો?'' એવી પૂછપરછ કરવા બીબી એને વારંવાર ફોન કરતી હતી! પોલીસ આ તપાસ કરતી હતી એ જ વખતે યોગાનુયોગ પેલી મહિલાનો ખાવિંદ ઉજ્જૈન ઘેર પરત આવ્યો અને પોલીસની આકરી ઊલટતપાસમાં મકાસુદ ખાન નામના એ ખાવિંદે કબૂલી લીધું કે મદુરાઈ હાઈ-વે પર જે લૂંટ થઈ હતી એ એની જ ટોળકીનું કામ હતું! પત્નીની કચકચ નહોતી તો કોલમ્બસ અને વાસ્કો ડી ગામા અમેરિકા અને ભારત શોધી શક્યા પણ એક પત્નીની (નિર્દોષ) કચકચને કારણે હાઈ-વે રોબરીનો રીઢો માસ્ટર માઈન્ડ આ રીતે અનાયાસ ઝડપાઈ ગયો! આને કહેવાય કરમની કઠણાઈ...

### ઈશિતાનું ઈત્યાદિ...ઈત્યાદિ

» ક્યારેક લાંબા - પહોળા લેખનો સાર આપણને કોઈ પણ સર્વેક્ષણનાં તારણોમાંથી મળી જતો હોય છે, જે વાતનો સમસ્ત ચિતાર બહુ ટૂંકાણમાં વાચક સુધી પહોંચાડી દે છે. તાજેતરમાં 'નેશનલ ફેમિલી હેલ્થ સર્વે'માં આપણી ગરવી ગુજરાતની કેટલીક લત -આદત પર ચોંકાવનારાં તારણ કાઢ્યાં છે, જેમ કે - ગુજરાતનાં દક્ષિણનાં શહેરોમાં સૌથી વધુ દારૂ પિવાય છે -ખાંડનો સૌથી વધુ વપરાશ મધ્ય ગુજરાતમાં છે તો બ્લડ પ્રેશરના સૌથી વધુ દર્દી ઉત્તર ગુજરાતમાં છે. બીજા શબ્દોમાં ફોડ પાડીને કહીએ તો સૌથી વધુ ડાંગમાં ૧૫.૫ % લોકોને દારૂનું વ્યસન છે અમદાવાદમાં સૌથી વધુ લોકો (૨૯%) બ્લ્ડ પ્રેશરથી પીડાય છે. નવસારીમાં સૌથી વધુ - ડાયાબિટીસ (૨૩ %)ના દર્દી છે તો સૌરાષ્ટ્રમાં સૌથી વધુ (૪૭%) પુરુષોને તમાકુનું વ્યસન છે. જય જય ગરવી ગુજરાત.

### ઈશિતાની એલચી

**રાત બદલાય-સપનું નહીં,
માર્ગ બદલાય-મંજિલ નહીં.
એટલું જરૂર યાદ રાખો કે
નસીબ બદલાય કે નહીં પણ
સમય અચૂક બદલાય છે!!**